# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************

✓ નવી દિલ્હીમાં વિવિધ કેન્દ્રિય મંત્રીઓએ વિધિવત્ રીતે કાર્યભાર સંભાળ્યો

✓ ઓડિશામાં ભાજપ ધારાસભ્ય દળ પોતાના નેતાની પસંદગી માટે આજે ભુવનેશ્વર ખાતે બેઠક યોજશે.

✓ ઉત્તરપ્રદેશમાં તમામ વિધાનસભાઓમાં આજથી 'કોંગ્રેસની ધન્યવાદ યાત્રાનો પ્રારંભ

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈ ઉત્સાહ જગાડ્યો.

✓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધવિરામ માટે અમેરિકા દ્વારા પ્રસ્તાવિત યોજનાને મંજૂરી આપી.

✓ ટી-20 વિશ્વકપમાં આજે રાત્રે ન્યૂ યૉર્ક ખાતે પાકિસ્તાન અને કેનેડા વચ્ચે મેચ રમાશે.

*****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# UNION MINISTERS CHARGE

નવી દિલ્હીમાં આજે વિવિધ કેન્દ્રિય મંત્રીઓએ વિધિવત્ રીતે કાર્યભાર સંભાળી લીધો છે. વિદેશ મંત્રી તરીકે ડૉ. એસ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મોદી “થ્રી પૉઈન્ટ ઓ”ની વિદેશ નીતિ ઘણી સફળ રહેશે.

આજે સવારે કાર્યભાર સંભાળ્યા બાદ પત્રકારો સાથે સંવાદ કરતા ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, રાષ્ટ્ર પ્રથમ અને વસુધૈવ કુટુમ્બકમ્ ભારતીય વિદેશ નીતિના 2 માર્ગદર્શક સિદ્ધાંત રહેશે. શ્રી જયશંકરે કહ્યું કે, ભારતનો પ્રભાવ સતત વધી રહ્યો છે અને અન્ય દેશોને લાગે છે કે, ભારત ખરેખર તેમનું મિત્ર છે, જે વિકટ સમયે તેમનો સાથ આપશે. અશ્વિની વૈષ્ણવે રેલવે, માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો છે.

માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન અને માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજૂએ શ્રી વૈષ્ણવનું સ્વાગત કર્યું. પત્રકારો સાથેના સંવાદમાં શ્રી વૈષ્ણવે કહ્યું, છેલ્લાં 10 વર્ષમાં શ્રી મોદી લોકોના જીવનમાં મોટું પરિવર્તન લાવ્યા છે. તેઓ ભારતની અર્થવ્યવસ્થાને 11મા સ્થાનથી પાંચમા સ્થાન પર લઈ આવ્યા છે. ભૂપેન્દ્ર યાદવે પણ પર્યાવરણ મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો છે. ગિરિરાજ સિંહે કેન્દ્રિય કાપડ મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો છે.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રિય કાપડ મંત્રી પીયૂષ ગોયલ ઉપસ્થિત રહ્યાહતા. પબિત્રા મારઘેરિતાએ પણ મંત્રાલયમાં રાજ્ય મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

લોક જનશક્તિ પાર્ટીના નેતા ચિરાગ પાસવાને કેન્દ્રિય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા કહ્યું કે, તેઓ સમર્પણ, ઈમાનદારી અને મહેનત સાથે પોતાની જવાબદારીઓનું પાલન કરશે. શ્રી પાસવાને કહ્યું, તેમનું મંત્રાલય ખેડૂતોને તેમની આવક બમણી કરવામાં મદદ કરશે.

દરમિયાન સુરેશ ગોપીએ પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના રાજ્ય મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો. આ પ્રંસગે કેન્દ્રિય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપસિંહ પૂરી ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ODISHA BJP BETHAK

ઓડિશા ભારતીય જનતા પાર્ટી વિધાનમંડળ પોતાના નેતાની પસંદગી માટે આજે ભુવનેશ્વર ખાતે બેઠક યોજશે. આ માટે કેન્દ્રિય મંત્રી રાજનાથસિંહ અને ભૂપેન્દ્ર યાદવને કેન્દ્રિય નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ઓડિશામાં ભાજપના નેતૃત્વ હેઠળની નવી સરકાર આવતીકાલે સત્તા સંભાળશે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં, ભાજપે 147 સભ્યોની રાજ્ય વિધાનસભામાં 78 બેઠકો જીતીને સંપૂર્ણ બહુમતી મેળવી છે.

દરમિયાન, તેલુગુ દેસમ પાર્ટીના નેતા એન ચંદ્રબાબુ નાયડુ આવતીકાલે ક્રિશ્ના જિલ્લામાં ગન્નાવરમ ખાતે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SIKKIM CM CABINET

સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમંગે શપથગ્રહણ કર્યા બાદ સચિવાલય ખાતે આજે મંત્રીમંડળની પહેલી બેઠક યોજી હતી. સિક્કિમના રાજ્યપાલને પ્રો-ટેમ સ્પીકર તરીકે ધારાસભ્ય સંજીત ખારેલની નિમણૂક કરવા માટેની ભલામણ કરાઇ હતી.

મંત્રીમંડળે ભૂસ્ખલનથી અસરગ્રસ્ત પરિવારોને સહાય ચૂકવણી અને મકાન બાંધકામ અંગે પણ નિર્ણય કર્યો. તેમ જ સરકારી કર્મચારીઓ અને પેન્શનધારકો માટે મોંઘવારી ભથ્થામાં ચાર ટકાના વધારાને મંજૂરી આપી અને સિક્કિમના 50માં સ્થાપના દિવસની ઉજવણીનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CONGRESSDHANYAWAD YATRA UP

ઉત્તરપ્રદેશમાં તમામ ચારસો ત્રણ વિધાનસભાઓમાં 'કોંગ્રેસ પક્ષ આજથી 15 જૂન સુધી ધન્યવાદ યાત્રા યોજશે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને કોંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા આજે બપોરે કૃતજ્ઞતા સભા સંબોધ્યા બાદ આ અભિયાનનો પ્રારંભ કરશે. તેમ જ સામાન્ય ચૂંટણીમાં તેમના સમર્થન માટે

રાયબરેલી અને અમેઠીના લોકોનો આભાર વ્યક્ત કરશે. તેઓ રાયબરેલીના ભૂયે મઉ વિસ્તારમાં પણ સભા સંબોધશે.

રાષ્ટ્રીય મહાસચિવ અને પ્રદેશ પ્રભારી અવિનાશ પાંડે, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અજય રાયની અધ્યક્ષતામાં ગઈકાલે લખનઉમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પક્ષના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય મહાસચિવ અવિનાશ પાંડેની સાથે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ, કોંગ્રેસના લોકસભા સાંસદ, ધારાસભ્ય અને તમામ વરિષ્ઠ નેતાઓ આ મુલાકાતોમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે છ, સમાજવાદી પાર્ટીએ 37 અને ભાજપે ૩૩ બેઠક જીતી હતી..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SC---NEET

સર્વોચ્ચ અદાલતે NEET UG 2024 પરિક્ષા બાદ મેડિકલ અભ્યાસક્રમોમાં કાઉન્સેલિંગની પ્રક્રિયા પર મનાઈ હૂકમ આપવાનો ઇન્કાર કર્યો છે. 5 મેનાં રોજ NEET UG પરિક્ષાને રદ કરતી માંગણી કરતી અરજીને પગલે અદાલતે નેશનલ ટેસ્ટિંગ એજન્સી અને અન્યો પાસેથી પ્રતિક્રિયા માંગી છે. આ કેસને અન્ય પેન્ડિંગ પિટિશન સાથે મેળવીને વધુ સુનાવણી 8 જુલાઇનાં રોજ હાથ ધરવામાં આવશે.

યુવા વિદ્યાર્થીઓએ નીટ પરિક્ષામાં થયેલી ગેરરિતીઓ અને છેતરપિંડીની સંપૂર્ણ તપાસ હાથ ધરવાની માંગણી સાથે આ ફરિયાદો કરી છે. તેમણે પરિક્ષાનાં પરિણામ પાછા ખેંચવા અને નવેસરથી પરિક્ષા યોજવાની પણ માંગણી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## PM YOGA DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નજીક આવતાં જ વૈશ્વિક ઉત્સાહ જગાડ્યો છે. શ્રી મોદીએ સામાજિક માધ્યમની એક પોસ્ટમાં કહ્યું કે, યોગ એ શાશ્વત અભ્યાસ છે, જે એકતા અને સમરસતાનો સંદેશ આપે છે.

શ્રી મોદીએ વિવિધ સંસ્કૃતિઓઅને પ્રદેશોને જોડવાની નોંધપાત્ર ક્ષમતા પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે, યોગ—એ સમગ્ર વિશ્વમાં લાખો લોકોને સર્વગ્રાહી સુખાકારીની શોધમાં એક કર્યા છે. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દર વર્ષે 21 જૂને ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM- INDIA-QATAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત અને કતર બંને દેશ તેમના પરસ્પર દ્વિપક્ષીય સંબંધોને અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચાડવા માટે પ્રતિબદ્ધ હોવાનું કહ્યું છે. કતારના આમીર એચ.એચ. શેખ તમિમ બિન હમદ અલ થાની સાથેની વાતચીત બાદ શ્રી મોદીએ સામાજિક માધ્યમથી આવું જણાવ્યું હતું. શ્રી મોદીએ અલ થાનીની શુભેચ્છાઓ અને ભારત પ્રત્યેની સકારાત્મક લાગણીઓ પ્રત્યે પણ આભાર વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM NAWAZ SHARIF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત શપથગ્રહણ કરવા બદલ પાકિસ્તાનના પ્રધાનમંત્રી શેહબાઝ શરીફે અભિનંદન પાઠવ્યા છે.. શ્રી મોદીએ પણ શુભેચ્છા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફે અભિનંદન પાઠવ્યા છે. જવાબમાં શ્રી મોદીએ કહ્યું હતું કે ભારતના લોકો હંમેશા શાંતિ, સુરક્ષા અને

પ્રગતિશીલ વિચારો ધરાવે છે. શ્રી મોદીએ કહ્યું કે લોકોની સુખાકારી અને સુરક્ષા હંમેશા અમારી પ્રાથમિકતા રહેશે. શ્રી શરીફે જણાવ્યું હતું કે તાજેતરની ચૂંટણીઓમાં ભાજપનો વિજય એ શ્રી મોદીના નેતૃત્વમાં લોકોનો વિશ્વાસ દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UNSC GAZAWAR

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધવિરામ માટે અમેરિકા દ્વારા પ્રસ્તાવિત યોજનાને મંજૂરી આપી દીધી છે. આ પ્રસ્તાવ અંતર્ગત સંપૂર્ણ રીતે યુદ્ધવિરામ, હમાસ તરફથી બંધક બનાવવામાં આવેલા લોકોની મુક્તિ, મૃતક બંધકોના અવશેષોને પરત લાવવા અને પેલેસ્ટાઈનના કેદીઓની અદલા-બદલી માટે શરતો નક્કી કરી છે. અમેરિકા સહિત સુરક્ષા પરિષદના 15માંથી 14 સભ્યોને પ્રસ્તાવના પક્ષમાં મત આપ્યો. જ્યારે રશિયા બેઠકથી બહાર રહ્યું હતું.

આ પ્રસ્તાવમાં કહેવામાંઆવ્યું કે, ઈઝરાયલે યુદ્ધવિરામના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે. સુરક્ષા પરિષદે પણ હમાસને આ માટે સંમતિ આપવાના અપીલ કરી છે. આ યોજના અંતર્ગત ત્રણ તબક્કા હશે. તેની સમાપ્તિ ગાઝામાં વ્યાપક પુનઃનિર્માણ સાથે થશે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ સાર્વજનિક રીતે પ્રસ્તાવનાના કેટલાક ભાગોનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, જ્યાં સુધી સંપૂર્ણ રીતે હમાસનો નાશ નહીં થાય ત્યાં સુધી સૈન્ય કાર્યવાહીની તેમની યોજના ચાલતી રહેશે.

----------

## J&K-TRAFFICSUSPENDED

જમ્મુ-શ્રીનગરના રાષ્ટ્રીય ધોરીમાર્ગ 44 પર આવેલા નશરી અને બનિહાલ વચ્ચેનો ટ્રાફિક સમારકામના કારણે આજે રાત્રે બંધ રહેશે.

જમ્મુના અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ, અહીં કેટલીક તાત્કાલિક સમારકામની કામગીરીને કારણે આજે સાંજે 6 વાગ્યા પછી કાઝીગુંડથી રામબન તરફના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કોઈ પણ વાહનની અવરજવરને મંજૂરી આપવામાં નહીં આવે. ટ્રાફિક વિભાગે પ્રવાસીઓને કામ પૂરું ન થાય ત્યાં સુધી આ રસ્તેથી પ્રવાસ કરવાનું ટાળવા જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## T 20 WORLD CUP

ટી-20 વિશ્વકપમાં આજે રાત્રે ન્યૂ યોર્કમાં પાકિસ્તાન અને કેનેડા વચ્ચે મેચ રમાશે. ગઈ કાલે દક્ષિણ આફ્રિકાએ બાંગ્લાદેશને ચાર રને હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરી 20 ઑવરમાં 6 વિકેટ ગુમાવી 113 રન બનાવ્યા હતા. ટીમમાંથી હેનરિક ક્લાસને સૌથી વધુ 46 રન બનાવ્યા હતા. જ્યારે બાંગ્લાદેશના તન્ઝીમ હસન શાકીબે ત્રણ વિકેટ લીધી હતી.

114 રનના લક્ષ્યાંકનો પીછો કરતા બાંગ્લાદેશની ટીમ 20 ઑવરમાં સાત વિકેટે 109 રન જ બનાવી શકી હતી. ટીમને છેલ્લી ઑવરમાં જીતવા માટે 11 રનની જરૂર હતી, પરંતુ રન ન બની શકતા ટીમને હારનો સામનો કરવો પડ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .